### ગ્રીન્ઝો એનર્જી સાથે ભાગીદારી કરીને

# ઓસવાલ એનર્જીએ રૂ. ૩૨૦ કરોડના ખર્ચે ગ્રીન હાઈડ્રોજનનો પ્રોજેક્ટ લોન્ચ કર્યો

અમદાવાદ, ૨૨

ભારતમાં ગ્રીન ઉર્જામાં રૂપાંતરિત કરવાની દિશામાં એક મહત્વનું પગલું લેતા ઓસવાલ એનર્જીઝ લિમિટેડે રૂ. ૩૨૦ કરોડનું મૂડીરોકાણ કરીને ગ્રીન હાઈડ્રોજન તૈયાર કરવાના મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ સત્તાવાર રીતે શરૂ કરી દીધો છે. ગ્રીન્ઝો એનર્જી ઈન્ડિયા લિમિટેડ તરફથી એક મેગાવોટના ઈલેક્ટ્રોલાઈઝરની પહેલી ડિલીવરી મળી જતાં આ પ્રોજેક્ટનો આરંભ થઈ ગયો છે.



કેમિકલ અને ફર્ટિલાઈઝરના સેક્ટરની જરૂરિયાતને પૂર્ણ કરવા માટે ગ્રીન હાઈડ્રોજનનો ઉપયોગ કરી શકાય તે હેતુથી 'બિલ્ટ-ઓપરેટ અને ટ્રાન્સફર' એટલે કે 'બાંધો, ચલાવો અને ટ્રાન્સફર કરી આપો'ના સિદ્ધાંત પર ૨૦ મેગાવોટના પ્રોજેક્ટનો આરંભ કરવામાં આવ્યો છે. આ પ્લાન્ટમાં અડધા મેગાવોટથી માંડીને પાંચ મેગાવોટ સુધીની ક્ષમતા ધરાવતા પાવર પ્લાન્ટ્સ આગામી ૧૨થી ૧૮ મહિનામાં શરૂ કરવામાં આવશે. તેને માટે ગ્રીન્ઝોની અત્યાધુનિક અને સ્વદેશી ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવશે.

ઓસવાલ એનર્જીઝના મેનેજિંગ ડિરેક્ટર શ્રી રતન બોકાડિયાએ નવતર સીમાચિહ્નની વાત કરતાં જણાવ્યું હતું કે, "આ ઈલેક્ટ્રોલાઈઝર ડિલિવરી માત્ર માલની ડિલીવરી નથી, પરંતુ ઉર્જાના ક્ષેત્રમાં રાષ્ટ્રીય સ્તરના પરિવર્તનની પાયાની કામગીરીના આરંભની છે. આપણા દેશનું વિઝન સ્થિરતા અને આત્મનિર્ભરતાનું છે. ગ્રીન્ઝો સાથેની ભાગીદારીમાં આ સફળતાં હાંસલ કરવાની છે. આ સાથે જ અમે વાતાવરણમાં ઓછામાં ઓછો કાર્બનડાયોક્સાઈડ છોડતી વ્યવસ્થા ઊભી કરી આપીને ભારત દેશના ઉદ્યોગોને વધુ સમર્થ બનાવી રહ્યા છીએ."

આ પ્રોજેક્ટ સાથે ગ્રીન્ઝો એનર્જી પણ જોડાયેલી છે તે જ દર્શાવે છે કે ગ્રીન હાઈડ્રોજનના નિર્માણની દિશામાં ઝડપથી આગળ વધી રહેલા દેશમાં ગ્રીન્ઝો એનર્જી પણ મહત્વની કામગીરી કરી રહી છે. ગ્રીન્ઝો એનર્જીની ઓર્ડર બુક અત્યારે વધીને રૂ. ૧૫૦૦ કરોડને વળોટી ગઈ છે. ગ્રીન્ઝો દેશમાં અને પરદેશમાંના તેના કસ્ટમર્સને શ્રેષ્ઠ કાર્યક્ષમતા ધરાવતા ઈલેક્ટ્રોલાઈઝર અને હાઈડ્રોજન સિસ્ટમ પૂરી પાડી રહી છે. તેના આંતરરાષ્ટ્રીય સ્તરના કસ્ટમર્સના ફેલિક્સ ઈન્ડસ્ટ્રીઝ એલએલસી અને ફેલિક્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ ઈન્ડિયાનો પણ સમાવેશ થાય છે.

આ અવસરે વાતચીત કરતાં ગ્રીન્ઝો એનર્જીના મેનેજિંગ ડિરેક્ટર સંદીપ અગ્રવાલે જણાવ્યું હતું કે, "અમે આપેલા ઈલેક્ટ્રોલાયઝરના સપ્લાય થકી ગ્રીન એનર્જીના મેન્યુફેક્ચરિંગના ક્ષેત્રમાં ભારતની વધી રહેલી ક્ષમતાનો પ્રસ્થાપિત થઈ રહી હોવાનો નિર્દેશ મળી રહ્યો છે. ગ્રીન એનર્જીના નિર્માણ માટેના ભારતે નક્કી કરેલા લક્ષ્યાંકને ઓછામાં ઓછા ખર્ચ અને સ્વદેશી ટેક્નોલોજીની મદદથી પરિપૂર્ણ કરવામાં ટેકો આપવાની કામગીરી અમે કરી રહ્યા છીએ તે માટે અમે ગૌરવની લાગણી અનુભવી રહ્યા છીએ."

ઓસવાલ એનર્જી અને ગ્રીન્ઝો અને ગ્રીન્ઝો એનર્જી વચ્ચે થયેલા જોડાણને અત્યાધુનિક મેન્યુફેક્ચરિંગ ટેક્નોલોજીને એન્જિનિયરિંગ, પ્રોક્યોરમેન્ટ અને કન્સ્ટ્રક્શનના એક અજોડ અને શક્તિશાળી સંગમ તરીકે જોવામાં આવી રહ્યું છે. તેની સાથે જ ગ્રીન હાઈડ્રોજનના વૈશ્વિક હબ તરીકે ભારતને પ્રસ્થાપિત કરવાનો માર્ગ ખૂલી ગયો છે.

# ગુજરાત લોકરક્ષક કેડરની લેખિત પરીક્ષાની પ્રોવિઝનલ આન્સર કી જાહેર, ૨૩ જૂન સુધી કરી શકાશે વાંધા અરજી

પ્રતિનિધિ તરફથી,
અમદાવાદ,તા.૨૦

રાજ્યમાં લોકરક્ષક કેડરની ૧૨૦૦૦ જેટલી જગ્યા પર ભરતી પ્રક્રિયા શરૂ છે. ગત ૧૫ જૂન, ૨૦૨૫ના રોજ ૨.૩૭ લાખથી વધુ ઉમેદવારોએ લેખિત પરીક્ષા આપી હતી. જ્યારે ૧૬ જૂને પોલીસ ભરતી બોર્ડે આ પરીક્ષામાં હાજર રહેલા તમામ ઉમેદવારોની OMR Sheet સ્કેનિંગ કરીને સત્તાવાર વેબસાઈટ પર અપલોડ કરી છે. આ દરમિયાન આજરોજ ૨૦ જૂનને શુક્રવારે ભરતી બોર્ડે લેખિત પરીક્ષાની પ્રોવિઝનલ આન્સર કી જાહેર કરી છે.

રાજ્યમાં લોકરક્ષક સંવર્ગની બિન હથિયારી પોલીસ કોન્સ્ટેબલ, હથિયારી પો.કો., જેલ સિપાઈ, SRPF સહિતની ૧૨૦૦૦ જેટલી જગ્યા પર ભરતી પ્રક્રિયા શરૂ છે, ત્યારે પોલીસ વિભાગ દ્વારા ભરતીની શારીરિક કસોટી અને લેખિત પરીક્ષા પૂર્ણ થઈ ગઈ છે. લેખિત પરીક્ષા અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, ભાવનગર, આણંદ અને ગાંધીનગર સહિત ૮૨૫ કેન્દ્ર-શાળા ખાતે યોજાવવામાં આવી હતી. જ્યારે આજે શુક્રવારે ૪:૦૦ વાગ્યે ભરતી બોર્ડ દ્વારા લેખિત પરીક્ષાની પ્રોવિઝનલ આન્સર કી જાહેર કરવામાં આવી છે.

લેખિત પરીક્ષાની Provisional Answer Key ઉમેદવારો ભરતી બોર્ડની સત્તાવાર વેબસાઈટ gprb.gujarat.gov.in અથવા lrdgujarat2021.in જઈને મેળવી શકશે. Provisional Answer Key માં જણાવેલા સવાલના જવાબ સામે જો કોઈ ઉમેદવારોને વાંધો જણાય તો, તેઓ આગામી ત્રણ દિવસ એટલે કે ૨૩ જૂન, ૨૦૨૫ની રાત્રિના ૧૧:૫૯ વાગ્યા સુધી ઓનલાઈન વાંધા અરજી-રજૂઆત મોકલી શકે છે. ઉલ્લેખનીય છે કે, ઓનલાઈન સિવાય અન્ય કોઈપણ રીતે વાંધા મોકલવામાં આવે અથવા તો સમય મર્યાદા પૂર્ણ થયા બાદ મોકલવામાં આવેલા વાંધા-રજૂઆતને ધ્યાને લેવામાં નહીં આવે.

લોકરક્ષક કેડરની લેખિત પરીક્ષામાં હાજર રહેલા તમામ ઉમેદવારો OMR Sheetની સ્કેનિંગ કોપી virtualview.co.in ભરતી બોર્ડની વેબસાઈટ પરથી જોઈ શકશે. જેમાં ઉમેદવારો પરીક્ષાનું નામ, જિલ્લો, સીટ નંબર અથવા રોલ નંબર અને જન્મ તારીખ સહિતની વિગત નાખીને આગામી ૩૦ જૂન સુધી OMR Sheet મેળવી શકશે.

# અમદાવાદમાં અદાણી શાંતિગ્રામમાં સાતમાં માળે આગની ઘટના: બે લોકોનું રેસ્ક્યૂ, કોઈ જાનહાની નહી

પ્રતિનિધિ તરફથી,
અમદાવાદ,તા.૨૦

અમદાવાદના પોશ વિસ્તાર અદાણી શાંતિગ્રામમાં આવેલી એક હાઈરાઈઝ બિલ્ડિંગમાં ગઈકાલે મોડી રાત્રે આગ લાગવાની ગંભીર ઘટના બની હતી. આ ઘટના બિલ્ડિંગના સાતમા માળે આવેલા એક ફ્લેટમાં બની, જેમાં આગ એટલી ઝડપથી ફેલાઈ કે ફ્લેટમાં રહેલી તમામ વસ્તુઓ અને સામગ્રી બળીને ખાખ થઈ ગઈ. જોકે, સમયસર ફાયર વિભાગની ઝડપી કાર્યવાહીને કારણે બે લોકોને સુરક્ષિત રીતે રેસ્ક્યૂ કરીને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા હતા, અને સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાની થઈ નથી.

આગની જાણ થતાં જ આસપાસના રહેવાસીઓ તાત્કાલિક બિલ્ડિંગની નીચે ઉતરી ગયા હતા, જેના કારણે મોટી દુર્ઘટના ટળી. ફાયર વિભાગની ટીમે ઘટનાસ્થળે પહોંચીને આગ પર કાબૂ મેળવ્યો હતો. પ્રાથમિક તપાસમાં ફાયર વિભાગનું માનવું છે કે આગનું કારણ શોર્ટ સર્કિટ હોઈ શકે છે, જોકે આગ લાગવાનું ચોક્કસ કારણ હજુ અકબંધ છે. પોલીસે પણ ઘટનાસ્થળે પહોંચીને તપાસ શરૂ કરી છે અને ફ્લેટના માલિકનું નિવેદન નોંધ્યું છે. આ ઘટનાએ અદાણી શાંતિગ્રામ જેવા પોશ વિસ્તારમાં રહેતા લોકોમાં ચિંતા ફેલાવી છે, પરંતુ ફાયર વિભાગ અને પોલીસની સમયસર કાર્યવાહીથી રહેવાસીઓએ રાહતનો શ્વાસ લીધો છે. અદાણી શાંતિગ્રામની આ હાઈરાઈઝ બિલ્ડિંગ આધુનિક સુવિધાઓથી સજ્જ છે, અને આવી ઘટનાઓ રહેવાસીઓ માટે ચેતવણીરૂપ છે. ફાયર વિભાગે લોકોને ઈલેક્ટ્રિકલ ઉપકરણોનો ઉપયોગ કાળજીપૂર્વક કરવા અને નિયમિત સુરક્ષા તપાસ કરાવવાની સલાહ આપી છે. આ ઘટના બાદ પોલીસ અને ફાયર વિભાગ દ્વારા વધુ તપાસ ચાલુ છે, જેથી આગનું ચોક્કસ કારણ જાણી શકાય અને ભવિષ્યમાં આવી ઘટનાઓને અટકાવી શકાય.

# નારાયણ સાંઈને ૫ દિવસના જામીન મળ્યા, જાપ્તા સાથે જોધપુર જવાનો ખર્ચ ભોગવવો પડશે

પ્રતિનિધિ તરફથી,
અમદાવાદ,તા.૨૦

સુરતની લાજપોર જેલમાં બંધ આસારામના પુત્ર નારાયણ સાંઈને ગુજરાત હાઈકોર્ટે ૫ દિવસના કામચલાઉ જામીન આપ્યા છે. રાજસ્થાનના જોધપુરની જેલમાં કેદ પિતા આસારામની તબિયત નાદુરસ્ત હોવાથી નારાયણ સાઈએ હાઈકોર્ટમાં વચગાળાના જામીન માટે અરજી કરી હતી. જેમાં કોર્ટે નારાયણ સાઈની પાંચ દિવસના કામચલાઉ જામીનની માગ કરતી અરજી મંજૂર કરી છે. મળતી માહિતી પ્રમાણે જોધપુરની જેલમાં કેદ પિતા આસારામની તબિયત ખરાબ હોવાથી ખબર અંતર પૂછવા માટે નારાયણ સાંઇ સુરતની લાજપોર જેલથી જોધપુર જઈ શકશે. નારાયણ સાંઇને પોલીસ જાપ્તા સાથે જોધપુર જવામાં મંજૂરી આપવામાં આવી છે અને તમામ ખર્ચ નારાયણ સાઈએ જ ભોગવવાનો રહેશે.

ઉલ્લેખનીય છે કે થોડા મહિના પહેલાં ગુજરાત હાઈકોર્ટે નારાયણ સાંઈને પિતા આસારામને મળવા માટે માનવતાના ધોરણે જામીન આપ્યા હતા. સુરતની લાજપોર જેલમાં બંધ નરાધમ નારાયણ સાંઈને પિતા આસારામ સાથે જોધપુર જેલમાં ચાર કલાક મુલાકાત કરવાની મંજૂરી આપવામાં આવી હતી.

# અમદાવાદ દુર્ઘટનામાં ૧૦૦થી વધુ ફોનની પણ તપાસ કરાશે

પ્રતિનિધિ તરફથી,
અમદાવાદ,તા.૨૦

અમદાવાદમાં સર્જાયેલી વિમાન દુર્ઘટનાની હાલમાં તપાસ ચાલી રહી છે. આ દુર્ઘટના સ્થળ પરથી ફોરેન્સિક અને પોલીસ ટીમને ૧૦૦થી વધુ મોબાઈલ ફોન મળ્યા છે. જે ખૂબ ખરાબ રીતે બળી ચૂક્યા છે. જોકે, ફોરેન્સિક ટીમ આ ફોન્સમાં સેવ ડેટા (વીડિયો અને ફોટા)ની તપાસ કરવાની તૈયારી કરી રહી છે. તપાસ ટીમ ૧૨ જૂનની બપોરે ૧ વાગ્યાને ૩૮ મિનિટ પછીના વીડિયો અને ફોટાની તપાસ કરશે.

મહત્વનું છે કે, પોલીસનો પ્રયાસ છે કે આ મોબાઈલ ફોનમાંથી ઘટનાના અંતિમ ક્ષણોમાં કેદ થયેલા ફોટા અને વીડિયો જોઈ શકાય, જેથી ૩૦ થી ૪૦ સેકન્ડના એ સમયગાળામાં શું થયું તેનો અંદાજ લગાવી શકાય. આ મોબાઈલ ફોનની તપાસ અંગે અમદાવાદના પોલીસ કમિશનર જી.એસ. મલિકે જણાવ્યું કે, બપોરે ૧ વાગ્યાને ૪૦ મિનિટ પછીનો દરેક ફોટો અને વીડિયો અમારા માટે મહત્વપૂર્ણ સાબિત થઈ શકે છે.અકસ્માતના કાટમાળમાંથી ૧૦૦ થી વધુ મોબાઈલ ફોન મળી આવ્યા છે. જોકે આમાંથી ઘણા ફોન ક્ષતિગ્રસ્ત છે, ફોરેન્સિક નિષ્ણાતો આ ઉપકરણોમાંથી ડેટા, ફોટા અને વીડિયો કાઢવાનો પ્રયાસ કરી રહ્યા છે. મલિકે કહ્યું, 'અમે એ જોવાનો પ્રયાસ કરી રહ્યા છીએ કે શું આ ફોનમાં કોઈ એવા ફોટા કે વીડિયો છે જે અકસ્માતની ક્ષણને કેદ કરે છે. આ તપાસ માટે મહત્વપૂર્ણ સંકેતો સાબિત થઈ શકે છે.'

એક ૧૭ વર્ષના છોકરા દ્વારા બનાવેલ વિડીયો, જેમાં વિમાન નીચે પડી ગયું અને આગમાં લપેટાઈ ગયું તે ક્ષણને કેદ કરવામાં આવી હતી, તે પહેલાથી જ તપાસકર્તાઓ માટે એક મહત્વપૂર્ણ પુરાવો બની ગયો છે. હવે આ ફોન નવી આશાઓ જગાડી રહ્યા છે.

અમદાવાદ વિમાન દુર્ઘટનામાં બોઈંગ ૭૮૭ વિમાન ક્રેશ થયાને આઠ દિવસ થઈ ગયા છે. વિમાનનું બ્લેક બોક્સ અને કોકપિટ વોઈસ રેકોર્ડર પણ મળી ગયું છે. પરંતુ તેની તપાસમાં સમય લાગી શકે છે. આ ઉપકરણો વિમાનના એન્જિન, નિયંત્રણ સેટિંગ્સ અને પાઈલટ્સની વાતચીત વિશે માહિતી પ્રદાન કરશે. નિષ્ણાતો માને છે કે આ ડેટા અકસ્માતના કારણોને સમજવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે, જેમ કે એન્જિન નિષ્ફળતા, પક્ષી અથડાવું અથવા તકનીકી ખામી. બોઈંગ, યુએસ અને યુનાઈટેડ કિંગડમના નિષ્ણાતોની ટીમો પણ ભારતના એરક્રાફ્ટ એક્સિડેન્ટ ઈન્વેસ્ટિગેશન બ્યુરો (AAIB) સાથે તપાસમાં સામેલ છે.

પોલીસ કમિશનર જી.એસ. મલિકે જણાવ્યું કે, દુર્ઘટનાના દિવસે એટલે કે ૧૨ જૂને રાત સુધીમાં અમે ૫૧ DNA સેમ્પલ લીધા હતા. તમામ એજન્સીઓએ સાથે મળીને કામ કર્યું, જેથી ૧૩ જૂને ઓળખ થઈ ગયેલા ૮ મૃતદેહોને પોલીસે તેમના પરિજનોને સોંપી દીધા હતા.

અમદાવાદ વિમાન દુર્ઘટનામાં બચી ગયેલા એક મુસાફર વિશ્વાસકુમારની ઘણી વખત પૂછપરછ કરવામાં આવી છે. પરંતુ પ્રાથમિક તપાસમાં અત્યાર સુધી કંઈપણ શંકાસ્પદ લાગ્યું નથી. વિશ્વાસકુમારને હાલમાં હોસ્પિટલમાંથી રજા આપી દેવામાં આવી છે અને તેઓ પોતાના ઘરે છે. આ દુર્ઘટનામાં તેમણે પોતાના ભાઈને ગુમાવ્યા છે. ઉડ્ડયન નિષ્ણાતો માને છે કે અકસ્માત માટે ઘણા સંભવિત કારણો હોઈ શકે છે - બંને એન્જિનની એક સાથે નિષ્ફળતા, બળતણ દૂષણ અથવા પાઈલટની ભૂલ. જો કે, પ્રારંભિક તપાસમાં પાઈલટ કેપ્ટન સુમિત સભરવાલ અને સહ-પાઈલટ ક્લાઈવ કુંદર તરફથી બેદરકારીના કોઈ પુરાવા મળ્યા નથી. બંનેને અનુક્રમે ૮,૩૦૦ અને ૧,૧૦૦ કલાક ઉડાનનો અનુભવ હતો. નિષ્ણાતો કહે છે કે કાટમાળમાંથી મળેલા એન્જિન ટર્બાઈન બ્લેડની તપાસ કરવાથી નક્કી થઈ શકે છે કે અકસ્માત સમયે એન્જિન કામ કરી રહ્યા હતા કે નહીં.

# વિસાવદર વિધાનસભાના ૨ બુથ પર પુનઃમતદાન

પ્રતિનિધિ તરફથી,
અમદાવાદ,તા.૨૦

વિસાવદર વિધાનસભા બેઠક પર પેટા ચૂંટણીમાં બે બુથ પર ફરી આવતીકાલે ૨૧ જુન,૨૦૨૫ને શનિવારે મતદાન યોજાશે. માલીડા અને નવા વાઘણીયા બુથ પર ફરી મતદાન થશે. આમ આદમી પાર્ટી દ્વારા બુથ કેપ્ચરિંગની ફરિયાદ નોંધાતા ચૂંટણી પંચે ફરી આ બે બુથ પર મતદાન યોજવાનું નક્કી કર્યું છે. વિસાવદર અને કડી વિધાનસભા પેટા ચૂંટણીનું પરિણામ ૨૩ જૂને જાહેર કરાશે.

AAP દ્વારા બે બુથ પર ફરિયાદ નોંધાતા ચૂંટણી પંચ દ્વારા વિસાવદરના માલીડા અને નવા વાઘણીયા બુથ પર મતદાન રદ કરવામાં આવ્યું હતું. શનિવારે માલીડા (૮૬) અને નવા વાઘણિયા (૧૧૧) બુથ પર ફરી ચૂંટણી યોજાશે.ઉપરોક્ત મતદાન મથક ખાતે હવે તા.૨૧.૦૬.૨૦૨૫ને શનિવારના રોજ સવારે ૭.૦૦ થી સાંજે ૦૬.૦૦ વાગ્યા દરમિયાન નવેસરથી મતદાન કરવામાં આવશે.

નવા વાઘણીયા ગામે બુથ કેપ્ચરિંગ અને બોગસ મતદાનનો પ્રયાસ થયો હતો. પ્રિસાઈડિંગ ઓફિસરોએ સમગ્ર મામલે આર.ઓ.ને રિપોર્ટ કર્યો હતો. ચૂંટણી અધિકારીએ ચૂંટણી કમિશનનું માર્ગદર્શન માંગ્યું હતું. જેમાં ચૂંટણી કમિશન ફેર મતદાનની મંજૂરી આપી હતી. આવતીકાલે ૨૧ જૂન ૨૦૨૫ના રોજ ફરી એક વખત વિસાવદરના બે બુથ પર મતદાન હાથ ધરવામાં આવશે.

# તા. ૨૧ જૂનથી ટેકાના ભાવે ઉનાળુ મગની ખરીદી શરુ થશે

પ્રતિનિધિ તરફથી,
અમદાવાદ,તા.૨૦

ભારત સરકાર દ્વારા વર્ષ ૨૦૨૪-૨૫ માટે મગ પાક માટે ટેકાનો ભાવ રૂ. ૮,૬૮૨ પ્રતિ ક્વિન્ટલ જાહેર કરવામાં આવ્યો હતો. વર્ષ ૨૦૨૪-૨૫માં ગુજરાતમાં ઉનાળુ મગનું કુલ વાવેતર ૫૬ હજાર હેક્ટરમાં થયું હતું. ઉનાળુ મગની ટેકાના ભાવે ખરીદી માટે રાજ્ય સરકાર દ્વારા નિયુક્ત રાજ્ય નોડલ એજન્સીઓ દ્વારા નોંધણી કરાવેલા ખેડૂતો પાસેથી ૯૩ જેટલા ખરીદ કેન્દ્રો પરથી તા. ૨૧ જૂનથી ટેકાના ભાવે ખરીદી શરૂ કરવામાં આવશે.

ટેકાના ભાવે ઉનાળુ મગના વેચાણ માટે નાફેડના ઈ-સમૃધ્ધિ પોર્ટલ પર રાજ્યના કુલ ૨૩,૪૮૮ ખેડૂતોએ નોંધણી કરાવી છે. નોંધણી કરાવેલા તમામ ખેડૂતોને SMS મારફતે જાણ કરવામાં આવશે. તે પ્રમાણે નિયત કરવામાં આવેલા ખરીદી કેન્દ્ર ખાતે ખેડૂતોએ પોતાની જણસી સાથે ઉપસ્થિત રહેવાનું રહેશે. ખેડૂતો પાસેથી આવતીકાલ તા. ૨૧ જૂનથી ટેકાના ભાવે ઉનાળુ મગની ખરીદી શરુ કરવામાં આવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, અનિવાર્ય સંજોગોના કારણે તા. ૧૪ જૂને મોકુફ રખાયેલી ઉનાળુ માગના ટેકાના ભાવની ખરીદી આવતીકાલ તા.૨૧ જૂનથી શરૂ થશે.

# ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનના વહીવટદાર ૧લાખની લાંચ લેતા ACBના રંગેહાથ ઝડપાયો

પ્રતિનિધિ તરફથી,
અમદાવાદ,તા.૨૦

સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનના વહીવટદાર વિકાસ પટેલને ?૧ લાખની લાંચ લેતા અમદાવાદ એસીબીની ટીમે રંગેહાથ ઝડપી પાડ્યો છે.આ ઘટનાથી સમગ્ર પોલીસ બેડામાં અને વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઈ છે.

પ્રાપ્ત માહિતી અનુસાર,ફરિયાદીનું દારૂના કેસમાં ઝડપાયેલું મોપેડ છોડાવવા માટે વહીવટદાર વિકાસ પટેલે લાંચની માંગણી કરી હતી.આ ઉપરાંત,તેણે દારૂના ધંધાના બે-ત્રણ માસની બાકી રકમ પેટે ?૧.૬૫ લાખની પણ માંગણી કરી હતી,જે દર્શાવે છે કે પોલીસકર્મી ગેરકાયદેસર પ્રવૃત્તિઓમાં સીધો સંડોવાયેલો હતો.

આ કેસમાં સૌથી ચોંકાવનારી બાબત એ છે કે,ફરિયાદીએ અગાઉ આ બાબતે પોલીસ ઈન્સ્પેક્ટર સમક્ષ રજૂઆત કરી હતી.તેમ છતાં,PI દ્વારા ફરિયાદીને વહીવટદાર વિકાસ પટેલને મળવાની સૂચના આપવામાં આવી હતી.આનાથી PIની ભૂમિકા પણ શંકાના દાયરામાં આવી ગઈ છે.એસીબીની તપાસમાં સમગ્ર બાબત પરથી પડદો ઊંચકાશે.

### પાચનની ગોળીઓના ઓઠા હેઠળ

# મોર્ફિનયુક્ત દવા ઓસ્ટ્રેલિયા મોકલતા આરોપીને રાહત નહીં

અમદાવાદ, તા.૨૦

પાચનની ગોળીઓના ઓઠા હેઠળ મોર્ફિનયુક્ત દવાઓ ઓસ્ટ્રેલિયા મોકલતા આરોપીને રાહત આપવા હાઈકોર્ટે ઈનકાર કર્યો છે અને એની વિરુદ્ધ દ્રઢજીના કાયદા હેઠળની કાર્યવાહી રદ કરવાનો ઈનકાર કર્યો છે. આ કેસની હકીકત મુજબ વર્ષ ૨૦૨૨ માં મયંક શાહ નામની વ્યક્તિ વિરુદ્ધ અમદાવાદ ગ્રામ્ય કોર્ટમાં NDPS હેઠળ કેસ થયો હતો. તેને રદ કરવા તેણે હાઈકોર્ટમાં અરજી કરી હતી. નાર્કોટિક્સ કંટ્રોલ બ્યૂરોએ વેજલપુરથી ઓસ્ટ્રેલિયા કુરિયરમાં જતી ફ્રૂટ ગોળીઓ જેવી કે દ્રાક્ષવટી, હાજમા ગોળી, અનારદાના વગેરેના લેબલ વાળી દવાઓનું બોક્સ ઝડપ્યું હતું. જેનું એનાલિસિસ કરાતા તેમાંથી મોર્ફિન મળી આવ્યું હતું. આ પદાર્થ છ કિલો જેટલો થવા જતો હતો. આરોપી અફીણના ટ્રાફિકિંગ સાથે સંકળાયેલા હોવાનું નાર્કોટિક્સ કંટ્રોલ બ્યૂરોનો દાવો હતો.અરજદાર વતી રજૂઆત કરાઈ હતી કે અરજદાર આયુર્વેદિક દવાઓ અને પુરુષોના સેક્સ પાવર વધારતી દવાઓનો ઈમ્પોર્ટ-એક્સપોર્ટનો ધંધો કરે છે. નાર્કોટિક્સ કંટ્રોલ બ્યૂરોએ વાત ધ્યાને લેવી જોઈએ કે આવી દવાઓમાં અફીણનું તત્વ મોર્ફિન આવે જ છે. વળી, આરોપી આ દવાઓનું કોઈ ઉત્પાદન કરતો ન હતો. આવી દવાઓમાં ૦.૨ ટકા મોર્ફિન હોય જ છે. મેડિકલ ઉપયોગ માટે પણ અફીણ ઉપર પ્રોસેસ કરવામાં આવે છે. આ એક મેડિકલ ડ્રગ છે. અરજદારને ખબર નહોતી કે આ પ્રતિબંધિત વસ્તુ છે. આરોપી ફક્ત એક વ્યક્તિ પાસેથી ગોળીઓ ખરીદી ઓસ્ટ્રેલિયા મોકલતો હતો. જો તેને ખબર હોત કે તેમાં મોર્ફિન છે, તો પણ તે ડ્રગ્સ અને કોસ્મેટિક અંતર્ગત તે દવા છે. આ દવા આયુર્વેદિક સિધ્ધ, આયુર્વેદ અને યુનાની પદ્ધતિમાં વપરાય છે. આ ફક્ત મિસ બ્રાન્ડિંગનો કેસ છે. દ્રઢમ દલીલ કરી હતી કે આરોપીના કબજા માંથી ૩.૨૨ કિલો જેટલું અફીણ મળ્યું છે. જે કોમર્શિયલ ક્વોન્ટિટી ૨.૫ કિલોથી વધુ છે. કેસમાં એવો સવાલ ઊભો થયો હતો કે જો આરોપી કામિની વિદ્રાવણ રસ મોકલતો હતો તો પછી ફ્રૂટ ગોળીઓનું નામનું લેબલ કેમ લગાવવામાં આવ્યું હતું? આવા પ્રકારના ડ્રગ ઉપર ઓસ્ટ્રેલિયામાં પ્રતિબંધ છે.

# ઈન્ટરનેશનલ ઓલમ્પિક કમિટી (આઈઓસી)એઅભિનવ બિન્દ્રા ફાઉન્ડેશન અને રિલાયન્સ ફાઉન્ડેશન સાથે મળીને ઓલમ્પિક ડે ૨૦૨૫ઉજવ્યો

ઈન્ટરનેશનલઓલમ્પિકકમિટી (આઈઓસી)નુંવૈશ્વિક હલન-ચલન અભિયાન "લેટ્સમૂવ" આઓલમ્પિક ડે (૨૩ જૂન)ના રોજ ભારતમાં તેની નવીઆવૃત્તિ, "લેટ્સ મૂવ +૧" સાથેઅભિનવબિન્દ્રાફાઉન્ડેશનઅને રિલાયન્સ ફાઉન્ડેશન સાથેની ભાગીદારીમાં પરત ફરી રહ્યું છે.આ વર્ષનીથીમએકસાથેઆગળવધવાનો આનંદઅનેપ્રેરણા પર કેન્દ્રિત છે—જે ભારતભરના લોકોને શારીરિક અને માનસિક સુખાકારીને વધારવા માટે રમતગમતની શક્તિનો અનુભવ કરવા આમંત્રણ આપે છે.

૨૩જૂનના રોજ ઓલમ્પિકડેની ઉજવણી કરતીવખતે, આઅભિયાન અન્યકોઈવ્યક્તિસાથેરમતરમવાના કે કસરત કરવાના ફાયદાઓ પર પ્રકાશપાડેછે, જેલોકોનેપહેલુંપગલું ભરવાઅનેપોતાનાકોઈમિત્ર, ભાઈ-બહેન, સહકર્મી અથવા પરિવારના સભ્યને પોતાની સાથે લાવવા માટે પ્રોત્સાહિત કરે છે.ઉજવણીના ભાગ રૂપે, ભારતભરના ૫૦થી વધુ રમતગમતનાસ્થળોફૂટબોલ, પેડલ, ક્રિકેટ, બેડમિન્ટનઅનેપિકબોલજેવી રમતોમાં નિઃશુલ્કયુગલ સત્રો (પેર્ડ સેશન) માટેજાહેરજનતા માટેતેમના દરવાજા ખોલશે.આમાંકોઈપણભાગ લઈ શકે છે - બસ તમારી સાથે +૧ (અન્ય કોઈ વ્યક્તિ)ને લાવો અને એકસાથેઆગળવધો.

ભારતમાંલગભગ ૫૦ટકાપુખ્ત વયનાલોકોઅનેવૈશ્વિકસ્તરે ૮૧ટકા યુવાનો શ્રેષ્ઠ સ્વાસ્થ્ય માટે ભલામણ કરાયેલપ્રવૃત્તિસ્તરસુધીપહોંચવામાં નિષ્ફળરહ્યાછે (વિશ્વઆરોગ્યસંસ્થા, ૨૦૨૪).અન્યલોકોસાથેશારીરિક પ્રવૃત્તિઓમાં ભાગ લેવાથી લોકોનેસહિયારા ધ્યેયો, પ્રોત્સાહન અને આનંદના માધ્યમથી આગળ વધવામાં અને હલન-ચલન કરતાં રહેવામાં મદદ મળી શકે છે.રમતગમત એ માત્ર હલનચલન કરવુંજનથી,પરંતુતેઅન્યલોકોસાથે સમય વિતાવવા, જોડાવા અને સમુદાય બનાવવાની તક પણ છે.આનાથી પોતાનાપણાની લાગણીઓ પેદા થઈ શકે છે અને જેને વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા લોકોના સ્વાસ્થ્ય માટે વધતીજતી ચિંતા તરીકે ઓળખ કરવામાં આવી છે તેવી એકલતાસામેલડવામાંમદદમળીશકે છે અને માનસિક સુખાકારીને ટેકો આપી શકે છે. ઓલમ્પિક વેલ્યૂઝ એજ્યુકેશન પ્રોગ્રામ (ફઈ)ના ભાગ રૂપે, દેશભરની શાળાઓને આ ચળવળમાં જોડાવા માટે આમંત્રણ આપવામાં આવ્યું છે.ઓલમ્પિક વેલ્યૂઝ એજ્યુકેશન પ્રોગ્રામના માધ્યમથી, ઈન્ટરનેશનલઓલમ્પિક કમિટીઅને ચંદીગઢ કેન્દ્ર શાસિત પ્રદેશ, ઓડિશા અને આસામ સરકારના સહયોગથીઅભિનવ બિન્દ્રા ફાઉન્ડેશનની આ પહેલે શારીરિક પ્રવૃત્તિ, લિંગ સર્વસમાવેશકતા અને શૈક્ષણિક પરિણામોમાં વધારો કરીને ૧૦ મિલિયનથી વધુ બાળકો પર સકારાત્મક પ્રભાવપાડ્યો છે.

આ ઉનાળામાં, ચંદીગઢ, ઓડિશા અનેઆસામમાં ૧૨ મિલિયનથીવધુ શાળાનાબાળકોભાગલેતેવીઅપેક્ષા છે - જેમાં યુગલ યોગના માધ્યમથી ટીમવર્કઅનેસંતુલનનાઅભ્યાસઅને ગ્રુપડાન્સસેશનનામાધ્યમથીલયઅને સંકલનનોસમાવેશથાયછે. ૨૩જૂનના રોજ ઓલમ્પિક થીમ આધારિત કલા અનેહસ્તકલાસહિતવિવિધપ્રકારની રમતો અને શારીરિક પ્રવૃત્તિઓ યોજાશે, જેમાં સ્કિપિંગ, ફૂટબોલ, ક્રિકેટ, વોલીબોલ અને ખો-ખોનો સમાવેશ થાય છે.

બેઈજિંગ ૨૦૦૮માં શૂટિંગમાં ઓલિમ્પિકસુવર્ણચંદ્રક વિજેતા અને આઈઓસીએથ્લેટ્સ કમિશનના સભ્ય અભિનવ બિન્દ્રાએ જણાવ્યું: "ચંદીગઢ, આસામ અને ઓડિશામાં ઓલમ્પિક વેલ્યૂઝ એજ્યુકેશન પ્રોગ્રામ અને ભારતમાં'લેટ્સ મૂવ' અભિયાનના પ્રારંભના માધ્યમથી, અમે જોયું છે કે રમતગમત કેવી રીતે આગામી પેઢીને પ્રેરણા, ઉત્થાન અને સશક્ત બનાવી શકે છે.'લેટ્સ મૂવ +૧' આ જ ભાવનાને આગળ ધપાવે છે, તેમજતે આપણને યાદ અપાવે છે કે રમતગમત માત્ર શારીરિક શક્તિ વિશે જ નથી—પરંતુ તે જોડાણ, પારસ્પરિક સમર્થન અને ઉદ્દેશ્યપૂર્ણ સહિયારી ભાવનાને પ્રોત્સાહન આપવા વિશે પણ છે."

ઓલમ્પિક વેલ્યૂઝ એજ્યુકેશન પ્રોગ્રામપ્રત્યેની તેની પ્રતિબદ્ધતાના ભાગ રૂપેરિલાયન્સ ફાઉન્ડેશનવધુ યુવાનોને આગળ વધવા માટે અનેક પહેલોનું આયોજન કરશે.આમાં મનોરંજક "લેટ્સમૂવ" પ્રવૃત્તિઓસાથે શાળાઓના તેમના નેટવર્કને સક્રિય કરવાનોસમાવેશથાયછે. ૨૩જૂનના રોજવિશેષઓલમ્પિકડેની ઉજવણીમાં ૧,૪૫૦ શાળાના બાળકો ભાગ લેશેઅનેપ્રખ્યાતતીરંદાજઅતનુદાસ અને દીપિકા કુમારી સહિતના ઓલમ્પિયન્સસાથેમુલાકાતકરીતેમની સાથે વાર્તાલાપ કરશે.

## પશ્ચિમ રેલવે દ્વારા વટવા-હુબલી સ્પેશ્યલ ટ્રેનના ફેરા વિસ્તૃત

પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખીને અમદાવાદ મંડળથી ઉપડતી વટવા-હુબલી સાપ્તાહિક સ્પેશ્યલ ટ્રેનના ફેરાને વિશેષ ભાડા સાથે સમાન સંરચના, સમય, સ્ટોપેજ તથા માર્ગ પર વિસ્તૃત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેની વિગત નીચે મુજબ છે:

ટ્રેન સંખ્યા ૦૭૩૩૪/૦૭૩૩૩ વટવા-હુબલી-વટવા સ્પેશ્યલ

ટ્રેન સંખ્યા ૦૭૩૩૪ વટવા-હુબલી સ્પેશ્યલ, જેને અગાઉ ૧૬ જૂન ૨૦૨૫ સુધી સૂચિત કરવામાં આવી હતી, તેને હવે ૧૪ જુલાઈ ૨૦૨૫ સુધી વિસ્તૃત કરવામાં આવી છે. તે જ રીતે ટ્રેન સંખ્યા ૦૭૩૩૩ હુબલી-વટવા સ્પેશ્યલ, જેને અગાઉ ૧૫ જૂન ૨૦૨૫ સુધી સૂચિત કરવામાં આવી હતી, તેને હવે ૧૩ જુલાઈ ૨૦૨૫ સુધી વિસ્તૃત કરવામાં આવી છે.

## ૨૦૦ મૂક-બધીર અને અંધ વિદ્યાર્થીઓ શ્રી સંકટમોચન મહાવીર હનુમાન મંદિરે હનુમાન ચાલીસા અને સુંદરકાંડ પાઠ કરશે

અમદાવાદના રાંચરડા સ્થિત શ્રી સંકટમોચન મહાવીર હનુમાન મંદિર ખાતે તારીખ ૨૨ જૂન ૨૦૨૫ના રોજ પ્રથમ વખત ૨૦૦ મૂક-બધીર અને અંધ વિદ્યાર્થીઓ એકઠા થઈ હનુમાન ચાલીસા અને સુંદરકાંડ પાઠ કરશે. આ વિદ્યાર્થીઓ અંધજન મંડળ અને કે.એસ. દોઢિયા વિદ્યામંદિરના પ્રતિનિધિઓ છે.

શ્રી સંકટમોચન મહાવીર હનુમાન મંદિર ભારતનું ચોથું એવું મંદિર છે જ્યાં વિશ્રામ કરતા હનુમાનજીની પ્રતિમા સ્થાપિત છે. આ મંદિર ડૉ. પ્રવિણભાઈ ગર્ગ દ્વારા નિમકારોલી મહારાજના આશીર્વાદથી નિર્મિત કરવામાં આવ્યું છે.

આ અનોખો ધાર્મિક કાર્યક્રમ વિદ્યાર્થીઓ માટે એક પ્રેરણાદાયક અને આધ્યાત્મિક અનુભૂતિ કરાવશે જે હનુમાનજીની ભક્તિ અને એકતા દર્શાવે છે.

સ્થળ: શ્રી સંકટમોચન મહાવીર હનુમાન મંદિર, રાંચરડા, અમદાવાદ
તારીખ અને સમય: ૨૨ જૂન ૨૦૨૫, સાંજે ૫.૩૦ કલાકે